ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૨ ટકા

ગાંધીનગર તાપમાન

આજે વિશ્વ જૈવિક વિવિધતા દિવસ ઉજવાશે

રાજયના અન્ય શહેરો કરતા ગાંધીનગરમાં વન્ય વિસ્તાર ઓછો હોવા છતાં શહેરમાં હરિયાળી અન્ય શહેરો કરતા વધુ છે





ગાંધીનગર, તા.૨૧

૨૨મી મેના દિવસને દુનિયાભરમાં જૈવિક વિવિધતા દિન તરીકે ઉજવવામાં આવે છે. જૈવિક વિવિધતામાં પક્ષીઓ, પ્રાણીઓ, દરિયાઈ જીવો, વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વૃક્ષો, ઔષધીઓ વગેરે કુદરતી સંપત્તિનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં સેકટર-૩૦ પાસે વનચેતના કેન્દ્રથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન સુધીના સાબરમતી નદીનાં કાઠાના પટ્ટામાં વિવિધ વૃક્ષ-વનસ્પતિ અને પ્રાણી-પક્ષી તથા જીવ-જંતુ જોવામાં આવે છે. ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સેકટર-૩૦ પાસેના વનચેતના કેન્દ્રથી ઈન્દ્રોડા ઉદ્યાન સુદીનાં સાબરમતી નદીનાં કાંઠા બેલ્ટમાં આવેલી વનરાજી તથા નદીના પટની જમીનના કારણે આ વિસ્તારમાં વિવિધ પ્રજાતિનાં સાપ જેવા કોબ્રા, રૂપસુંદરી, ધામણ, કાળોતરો, ભારતીય અજગર, વુલ્ફ સ્નેક, રીબનસ્નેક, કેર સ્નેકનો વસવાટ જોવા મળે છે. ઉપરાંત નોળીયા, શેઢાણી, નીલગાય, શિયાળ, વાંદરા, કિડીખાઉ, કાચબા જેવા પ્રાણીઆ જોવા મળે છે. જયારે શહેરમાં મોટી સંખ્યામાં આવેલા વૃક્ષોના કારણે તેમાં પણ વિવિધ પ્રજાતિનાં વૃક્ષો, વનસ્પતિ તથા જીવજંતુઓ જોવા મળે છે.

જૈવિક વિવિધતા દિનના દિવસે આપણી આ જૈવિક કુદરતી સંપત્તિની જાળવણી માટે જાગૃત બનીએ. રાજયનાં અન્ય વનરાજી આચ્છાદિત જિલ્લાઓની સરખામણીમાં ગાંધીનગર પાસે જંગલ વિસ્તાર ઘણો ઓછો છે. તેમ છતાં રાજયનાં શહેરોમાં વૃક્ષોની ગણતરીએ હરીયાળા શહેરમાં આણંદ બાદ ગાંધીનગર બીજા સ્થાને આવે છે. ગાંધીનગરનાં શહેરી વિસ્તારમાં આશરે ૧ લાખથી વધારે મોટા વૃક્ષો છે. આટલી મોટી સંખ્યામાં વૃક્ષોના કારણે વિવિધ પ્રકારની પ્રજાતિના પક્ષીઓ શહેરી વિસ્તારમાં જોવા મળે છે.

જન્મદિને વધામણી

નંદિની જીતેન્દ્ર પરમાર

યશ માંકડ

જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨

નિસર્ગાબેન પી ત્રિવેદી
મો. ૯૯૯૮૧ ૯૦૯૯૮

લીરલબા જયેન્દ્રસિંહ વાઘેલા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

મધુર ડેરીના ચેરમેનના માતૃશ્રીની પ્રથમ પુણ્યતિથિએ સંગીતમય સુંદરકાંડ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

મધુર ડેરીના ચેરમેનના માતૃશ્રી 'કેસરબા'ની પ્રથમ પુણ્યતિથિએ સંગીતમય સ્મૃતિ સંધ્યાનો આધ્યાત્મિક સમારોહ એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, કુડાસણ ખાતે યોજવામાં આવેલ હતો. આ આધ્યાત્મિક કાર્યક્રમમાં કનૈયાલાલ જે. મહારાજ દ્વારા સંગીતમય સુંદરકાંડ પ્રસ્તુત થતા સૌ ભાવવિભોર થયા હતા અને આધ્યાત્મિક વાતાવરણનો અહેસાસ થયો હતો. આ સમારોહમાં ગુજરાત સરકારના મંત્રી હર્ષભાઈ સંઘવી, કિરીટસિંહ રાણા, કિર્તીસિંહ વાઘેલા, જગદીશભાઈ વિશ્વકર્મા તથા પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગુજરાત ભાજપ મહિલા પ્રમુખ દિપીકાબેન, ગુજરાત સહકાર સેલના સંયોજક બીપીનભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા વિવિધ સહકારી ક્ષેત્રના આગેવાનો દિલીપભાઈ સંઘાણી, અજયભાઈ પટેલ, જેઠાભાઈ ભરવાડ, શામળભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ તથા જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ, શહેર પ્રમુક રૂચિરભાઈ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર ઉપસ્થિત રહ્યા હતા. દરેક મહાનુભાવોએ 'બા'ને ભાવાંજલી અર્પણ કરી હતી. આ આધ્યાત્મિક સમારોહમાં બહોળી સંખ્યામાં જનસમુદાયની ઉપસ્થિતિએ આ સંગીતમય સુંદરકાંડના આધ્યાત્મિક સમારોહને સફળ બનાવ્યો હતો. આ આધ્યાત્મિક સમારોહ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા તેમજ સમસ્ત રાણા પરિવારે ભાવ વિભોર બનીને સફળતાભર્યું આયોજન કર્યું હતું. જેના ભાગરૂપે સમસ્ત રાણા પરિવારે પૂજય 'માતૃ શ્રી'ને યાદ કરી તેમને પોતાના જીવનકાળ દરમિયાન કરેલ સતકર્મોને યાદ કરીને તેને અનુસરવાની નેમ લઈ ભાવાંજલી અર્પણ કરી હતી.

આજે આસ્થા રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાન દ્વારા સંગીત સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

આસ્થા રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાન ગાંધીનગર અને નાદ નિકેતન, ન્યુયોર્ક-યુ.એસ.એ. દ્વારા ગાંધીનગરવાસીઓ માટે એક પરફોર્મિંગ આર્ટ અનેસંગીત સંધ્યાનું આયોજન ૨૨-૫-૨૦૨૨ રવિવારના રોજ સાંજે ૮.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. નાદ નિકેતન ઈન્સ્ટીટયુના ડાયરેકટર કાદરખાન તથા આસ્થા રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાનના અધ્યક્ષ યુવરાજસિંહ વાઘેલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગરના સંગીત, નૃત્યકલા અને પરફોર્મિંગ આર્ટના સુજ્ઞ નાગરિકો માટે એક સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ બંને સંસ્થાનો મુખ્ય ધ્યેય સમાજમાં કલા અને સંસ્કૃતિનો વિકાસ કરવાનો છે. પરફોર્મિંગ આર્ટ દ્વારા સરસ્વતી વંદનાના આ સુંદર કાર્યક્રમમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્ટ, મેયર હિતેષભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, રીટબેન પટેલ, હંસાબેન પટેલ, પ્રવિણભાઈ પટેલ સર્વે મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં સિતાર કલાકાર દિપશંકર ભટ્ટાચાર્ય, તબલાવાદક આઝમ અલીખાન, સારંગી વાદક ઈરફાનખાન, પરફોર્મ કરશે. સંગીત, કલા, નૃત્ય, શાસ્ત્રીયનૃત્ય, ચિત્રકલા જેવી કલાઓના વિકાસ માટે યુવાઓના અંદર રહેલી પ્રતિભાઓને ઉજાગર કરવા માટે આ સંસ્થા પ્રયત્નશીલ રહેશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર મહાનગર વોર્ડ.૧ અને વોર્ડ-ઉના કોર્પોરેટરોએ જૈન મંદિર સેક્ટર ૨૪ ખાતે શ્રી હિત રત્ન સૂરીશ્વરજી મ.સા જૈનાચાર્યના આશીર્વાદ લીધા હતા.

એકવીસમી મેનાં રોજ વર્લ્ડ ટી ડે મનાવવામાં આવે છે ત્યારે ભારતીય અને ગુજરાતીનું ખાસ પીણું એવી ચાને યાદ કરવી જ ન પડે તેવી રીતે વણાઈ ગઈ છે. આજનાં દિવસે આવી પ્રિય ચાને ગાંધીનગરની કલાશ્રી સંસ્થા કે જેણે ડોલ મેકીંગ અને ફેબ્રિક આર્ટ પર કાર્ય કરી વિશ્વકક્ષાનાં ચારથી વધુ એવોર્ડ ગાંધીનગરને અપાવ્યા છે તેવી કલાશ્રી ટીમનાં આર્ટીસ્ટ દ્વારા અત્રે કાપડમાંથી બનેલા કપ રકાબીને કાપડની ડોલ સાથે દર્શાવીને આપણી પ્રિય ચાને આગવા ફેબ્રિક આર્ટનાં માધ્યમથી દર્શાવવામાં આવી છે.

સે-૭માં જુનિયર સ્ટેટ ફેન્સિંગ ચેમ્પિયનશીપ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપક્રમે ફેન્સીંગ એસોસીએશન ગાંધીનગર દ્વારા જુનિયર સ્ટેટ ફેન્સિંગ ચેમ્પિયનશીપનું આયોજન તા. ૨૧મી મેના રોજ સે. ૭ માં માતૃશ્રી જોઈતીબા એજ્યુકેશનલ ઈન્ટીટ્યૂટ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, ફેન્સિંગ એસોસીએશન, ગાંધીનગરના પ્રમુખ સંજીવ મહેતા, અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ જેસંગભાઈ ચૌધરી, મંત્રી શંકરભાઈ ચૌધરી, એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોર, ખજાનચી રીજ્ઞેશભાઈ ચૌધરી, કેમ્પસ ડાયરેક્ટર યશવંતભાઈ ચૌધરી, એસોસીએશનના સહમંત્રી અમરસિંહ ઠાકોર, ફેન્સિંગ હેડકોચ રોશન થાપા, ફેન્સિંગ કોચ અનિલ કુમાર અને ભવાની પ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના મહામંત્રી ભરત ઠાકોરે ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરી ખેલાડીઓને અને મહાનુભાવોને સ્પર્ધાની માહિતી આપી હતી. આ પ્રસંગે ફેન્સિંગ એસોસીએશન ગાંધીનગરના પ્રમુખ સંજીવ મહેતાએ તમામ ખેલાડીઓનું જીવનમાં ધ્યેય નક્કી કરી અને તે ધ્યેય પ્રાપ્તી માટે સખત મહેનત કરવા જણાવ્યુ હતુ. એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ સ્પર્ધામાંથી આગામી તા. ૧૭ થી ૨૦જુન દરમ્યાન યોજાનાર જુનિયર નેશનલ માટે ગુજરાતની ટીમ પસંદ કરી તેઓને ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે અને આ જુનિયર નેશનલમાંથી આગામી માર્ચ ૨૦૨૩માં અમદાવાદ ખાતે યોજાનાર એશિયન ફેન્સિંગ ચેમ્પિયનશીપ માટે ભારતીય ટીમની પસંદગી કરવામાં આવશે. કાર્યક્રમના સમાપને ખજાનચી રીજ્ઞેશભાઈ ચૌધરીએ ઉપસ્થિત સૌ મહાનુભાવો, ખેલાડી ભાઈઓ-બહેનો અને રેફ્રી મિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

આર્ટ ઓફ લીવીંગનો બાળકો માટે ઉત્કર્ષ યોગ અને મેધા યોગ લેવલ-૧ કોર્ષ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત ખાસ ઉંમર ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે ઉત્કર્ષ યોગ કોર્ષ આયોજન સંસ્થા દ્વારા ૮મો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે તારીખ ૨૪મીમેથી ૨૭ મી મે ૨૦૨૨ દરમિયાન સવારે ૭.૦૦ થી ૯.૩૦ અને યુવાઓ-ઉંમર ૧૩ થી ૧૮ વર્ષ માટે મેઘા યોગ લેવલ-૧ કોર્ષનું આયોજન એજ સ્થળે ૩૧મી મે થી ૩જી જુન ૨૦૨૨ સમય સવારે ૭.૦૦ થી ૯.૩૦ દરમિયાન કરવામાં આવેલ છે. આ શિબિરમાં ચિલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના બાળકો ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુકત થઈ વિશ્વ સ્તરે આગળ જઈ તણાવ રહીત રહે તે છે. આ કોર્ષમાં રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા ૯૪૨૬૩૦૦૩૦૩, ૯૮૨૫૯૦૪૪૬૧ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

મોડી મોડી પણ બજારોમાં હવે કેરી જોવા મળી રહી છે. ઉનાળાને ગમાડવાનું એક માત્ર કારણ ગણાતી કેરીને હવે સ્વાદરસિકો માણી રહ્યા છે. સેકટર-૧૧ના રામકથા મેદાન ખાતે કેરી મહોત્સવ યોજાશે. ૨૭ મેથી ૨૯ મે દરમિયાન યોજાનાર કેરી મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રવાસન વિભાગ દ્વારા આ વર્ષે કેરી મહોત્સવ યોજાઈ રહ્યો છે.

આઈઆઈટી ગાંધીનગર ખાતે એક માસના સ્કવોશ કોચિંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

સ્કવોશની રમતમાં યુવા રમતપ્રેમીઓને તાલીમ આપવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર સંસ્થાના નવા બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૨૩ મે થી ૨૩ જૂન, ૨૦૨૨ સુધી એક મહિનાના સ્કવોશ કોચિંગ કેમ્પની જાહેરાત કરી છે. પ્રથમ વખત સંસ્થામાં કોચિંગ કેમ્પ અને સ્કવોશ કોર્ટ બાહ્ય પાર્ટીસિપંટ્સ માટે પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

એક મહિનાના સ્કવોશ કેમ્પમાં સ્કવોશ રેકેટ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત દિલ્હીના કોચ મુકેશ રાય તાલીમાર્થીઓને તાલીમ આપશે. સાત વર્ષ અને તેથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ ૨૮ મે, ૨૦૨૨ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવીને કેમ્પમાં ભાગ લઈ શકે છે. કોચિંગ આ ચાર સમય સ્લોટમાંથી કોઈપણ એક દરમિયાન ઉપલબ્ધ થશે જેની વિગત ઓનલાઈન ઉપલબ્ધ છે.

આઈઆઈટી ગાંધીનગર બહારના સ્કવોશ શીખવા ઉત્સાહી વ્યક્તિઓ રૂ. ૩ હજારમાં એક મહિનાના આ કોચિંગ કેમ્પનો લાભ લઈ શકે છે. સંસ્થાએ આજુબાજુના ગામડાના યુવાનો માટે થોડી બેઠકો આરક્ષિત કરી છે જેથી તેઓ પણ તાલીમનો લાભ લઈ શકે. બહારગામના પાર્ટીસિપંટ્સ હોસ્ટેલ અને કેમ્પસની મેસ સુવિધાઓનો પણ લાભ લઈ શકે છે.

શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે રાજીવ ગાંધીની પૂણ્યતિથીએ છાસનું વિતરણ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર જીલ્લા તથા જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે ભારતના પૂર્વ વડાપ્રધાન દિવંગત રાજીવ ગાંધીની પૂણ્યતિથી નિમિત્તે ૨૧ મે ના રોજ ગાંધીનગર પથિકાશ્રમ બસસ્ટેન્ડની બહાર આમજનતા માટે ઠંડી છાસ વિતરણનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા, મનપાના પૂર્વનેતા શૌલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝૂડા, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, સુર્યસિંહ ડાભી , જીતુ રાયકા , અશ્વિનસિંહ ટાપરિયા શહેર અગ્રણીઓ અંકિત બારોટ, રાજભા ચાવડા, સી.જે.પરમાર, મુકેશ મારુ, મહેન્દ્ર શ્રીમાળી, વિષ્ણુ પટેલ, ઉર્પલ પટેલ, હેનીષ રાઠોડ, મેરુસિંહ, લલીબેન ઠાકોર, બાબુસિંહ ઝાલા, નરેશસિંહ ઠાકોર વગેરેએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.